દલિત અધિકાર એ જ માનવ અધિકાર

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019

વર્ષ : ૧૩ અંક : ૦૪ સળંગ અંક : ૨૯૨ પ્રકાશન : તા. ૧૬-૦૯-૧૭ પોસ્ટીંગ : તા. ૨૦-૦૯-૧૭ પાનાં : ૮ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/- છૂટક રૂ. ૩/- ૧

# દલિત કર્મશીલની વિચારયાત્રા

મનોગત

રાજુ સોલંકી

## દલિત કોની સાથે?

"જે બ્રાહ્મણ સાથે, બ્રાહ્મણ તેની સાથે," અમદાવાદની દીવાલો પર લખાયું છે આ સૂત્ર. ઘણા મિત્રોએ મને કહ્યું, "આપણે પણ લખવું જોઇએ કે, 'જે દલિત સાથે, દલિત તેની સાથે',"

મેં કહ્યું, "ના. આપણે નહીં લખીએ એવું સૂત્ર."

કેમ કે, "જે બ્રાહ્મણ સાથે, બ્રાહ્મણ તેની સાથે," આ સૂત્ર જાતિવાદી છે, ફાસીવાદી છે. આ સૂત્ર લખનારા એવું કહે છે કે, બ્રાહ્મણ સારો, નરસો ગમે તેવો હોય, તમારે એને સાથે આપવાનો છે અને તમે સાથ આપશો તો બ્રાહ્મણ તમારી સાથે છે. આ એક ક્લોઝ-એન્ડેડ સૂત્ર છે.

એના લખનારા એવું પણ ઇચ્છે છે કે દરેક જાતિ આ સૂત્ર લખે. જેમ કે, દરબારો લખે કે, "જે દરબાર સાથે, દરબાર તેની સાથે." અને આ દરબાર તો તમને ગામડામાં મારી ઝૂડીને પણ સાથે રાખશે. આ સૂત્ર અંતે તો બહુમતીવાદ (majority communalism)નું સૂત્ર છે.

એટલે,

આપણું સૂત્ર તો એવું હશે કે,

"જે બંધારણ સાથે, દલિત તેની સાથે."

કે પછી

"જે સમાનતા સાથે, દલિત તેની સાથે."

અને જ્યારે આપણે એવું કહીશું ત્યારે તેનો અર્થ એવો પણ થશે કે જે દલિત બંધારણને નહીં માનતો હોય, આપણે તેની સાથે હોઈશું નહીં.

આવતીકાલે આવા દલિતો તમારી સામે આવવાના છે. લખી રાખો.

## એક ગામ ટોડા હતું

હિજરતી દલિત ભૂખ્યો નથી,<br>
હિજરતી દલિત તરસ્યો નથી<br>
હિજરતી દલિત સમાજ કલ્યાણની પાળે,<br>
હિજરતી દલિત ઝૂલે સમરસતાના પારણે

ટોડાના દલિતોની હિજરતનો મારો બ્લોગ વાંચીને કેવલ ચાંડપાએ મને ફોન કર્યો અને કહ્યું, "હું હિજરત પછી જન્મેલી પેઢીનો યુવાન છું. તમને મળવા માંગું છું." મારા શરીરમાંથી ઝણઝણાટી પસાર થઈ ગઈ. હું એક ક્ષણ માટે સત્યાવીસ વર્ષ પહેલાંની દુનિયામાં જતો રહ્યો હતો.

"અમે યુવાનો અમારા વડીલોને પૂછીએ છીએ કે ટોડામાં શું થયું હતું, ત્યારે તેઓ જવાબ આપતા નથી. અમારી વાત ટાળે છે. આપણે હિજરત કેમ કરી તેનું કારણ કહેવા કોઈ વડીલ તૈયાર નથી. અને હાલ પણ મારી ઉંમરના યુવાનોને લગીરે ખબર નથી કે ૨૭ વર્ષ પહેલાં ટોડામાં શું થયું હતું. મને પણ તમારો બ્લોગ વાંચીને ખબર પડી કે મારા બાપદાદાઓ પર કેવો ભયાનક અત્યાચાર થયો હતો." કેવલે કાલાવડની આંબેડકર કોલોનીમાં ઠરીઠામ થયેલા ટોડાના હિજરતી દલિતોની હાલની સ્થિતિ વર્ણવી ત્યારે ફરી ભૂતકાળનો એ મહાભયાનક અત્યાચાર મારી આંખ આગળ તાદ્રશ થયો હતો.

૧૯૮૯માં જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ટોડા ગામે ભીખાભાઈ રૂડાભાઈ સાગઠીયા નામના સીધાસાદા માસુમ યુવાનની, લીમડાના ઝાડ નીચે, ઉંધા માથે લટકાવીને, નીચે તાપણું સળગાવીને, હત્યા કરવામાં આવી હતી. મળસકે ચાર વાગે "તમારા ભીખાએ આપઘાત કર્યો," એમ કહીને હત્યારાઓ ભીખાની કાળીભઠ્ઠ લાશ એમના ઘરના આંગણે નાંખી ગયા હતા. ભીખાનો વાંક એટલો જ હતો કે તેણે તેની ગભરુ, નિષ્પાપ વહાલી બહેન પર 'બૂરી નજર' નાંખતા પેલા હત્યારાઓને ટોક્યા હતા.

ભીખાભાઈની કારમી હત્યા પછી શરૂ થયેલા દમનચક્રથી ત્રાસેલો ૬૫ જણાનો દલિત સમૂહ પહેરેલા લૂગડે, ખોરડાં ઉઘાડા મેલીને નીકળી પડ્યો હતો અને મધરાતે કાલાવડના 'મેઘવાળ છાત્રાલય'માં આશરો લીધો હતો. ત્યારે ઝુઝારુ દિવંગત સાથી ભરત વાઘેલા સાથે મેં ટોડા ગામની, તેમ જ વળતાં કાલાવડના છાત્રાલયમાં, નિરાધાર અવસ્થામાં પડેલા દલિત બાંધવોની પણ મુલાકાત લીધી હતી. તે સમયે અમે અમદાવાદમાં ટોડા ઉપરાંત સાંબરડાની હિજરતના વિરોધમાં એક રેલી કાઢી હતી. એમાં ભીખાના પિતા રૂડાભાઈ સાગઠિયા અને ટોડાના અન્ય દલિતોએ હિસ્સો લીધો હતો.

મારા ઘરે આવેલા કેવલે એક વાત કરી, જેમાંથી એક કટુ સત્ય એવું બહાર આવ્યું કે દલિતો હિજરત કર્યા પછી પણ સામાજિક-રાજકીય ગુલામીમાંથી બહાર નીકળી શકતા નથી. અત્યારે કાલાવડની આંબેડકર કોલોનીમાં ભાજપનો એક કોર્પોરેટર અવારનવાર આવે છે. આ કોર્પોરેટર ટોડા ગામના પેલા હત્યારા દરબારોનો સગો છે. હવે આંબેડકર કોલોનીના દલિતો એના મતદારો છે. એને ખબર છે કે આ દલિતો એના ગામના પેલા હિજરતી દલિતો જ છે. અને વડીલોને પણ ખબર છે કે આ કોર્પોરેટર

અમારા ભઈલાના હત્યારાઓનો સગલો છે. માત્ર નવી પેઢીના દલિત મતદારોને ખબર નથી કે આ માણસ કોણ છે, કેમ કે વડીલોએ એમને ટોડાની પાછલી પીડાદાયક કહાણી સંભળાવી જ નથી. પેલો માણસ આંબેડકર કોલોનીમાં બેઠો બેઠો પંચાત કરે છે અને દલિતોના ઝઘડાઓમાં મધ્યસ્થી થાય છે.

બિરાદર કેવલ ચાંડપા સાથેની મુલાકાતે સમાજશાસ્ત્રીઓને અભ્યાસ માટે નવો વિષય આપ્યો છે, ''હિજરત પછીની દલિતોની સામાજિક-આર્થિક સ્થિતિ'' (post-migration socio-economic condition of dalits).

અને મને પણ સત્ય લાધ્યું, ''અત્યાચારોનો ઈતિહાસ આંદોલનો કર્યા વિના સચવાતો નથી.''

ટોડાના ભીખાની એ બર્બર હત્યાની કમ-સે-કમ એક કેવલ ચાંડપાને ખબર છે. એ કહેશે એની ભાવિ પેઢીને.

એક ગામ ટોડા હતું.

## ઉના પ્રતિરોધના મહાનાયક હીરાભાઈ સોલંકીની મુલાકાત

જેમના જીવન સંઘર્ષ આગળ ધીરુભાઈ અંબાણીનો સંઘર્ષ તો પિકનિક જેવો છે.

ઉના-દમન પછી સુરેન્દ્રનગરમાં મરેલા ઢોર કલેક્ટર કચેરી આગળ ઠાલવીને સમગ્ર દેશના દલિત આંદોલનમાં અભૂતપૂર્વ, ઐતિહાસિક અને નિર્ણાયક ક્રાન્તિની શરૂઆત કરનારા હીરાભાઈ સોલંકીને આજે મળવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું. તેમની જીવન કથની સાંભળીને મને લાગ્યું કે તેમની આગળ ધીરૂભાઈ અંબાણી જેવા ઉદ્યોગ સાહસિકોના કહેવાતા જીવન સંઘર્ષો તો રિવરફ્રન્ટની પાળે બેસીને માણેલી પિકનિકો જેવા છે.

''હીરાભાઈ કેટલું ભણ્યા?'', તો કહે છે, ''સરકારી નિશાળમાં ગયો, પણ એકેય આંકડો ના આવડ્યો. દસ વર્ષની ઉંમરથી માંડ માંડ સાયકલ ચલાવતો, વારંવાર પડી જતો, તોય ચામડાની ફેરી કરતો, જે સમયે હાડકાના મણે (૨૦ કિલોના) રૂપિયા પાંચ મળતા હતા જેના હવે ૩૦૦ રૂપિયા થયા. ચામડાનો ભાવ સાઇઠ ગણો થયો, પરંતુ નફાનું માર્જીન ઘટી ગયું.''

''આજે હાડકામાંથી બૉન એશ બને, જે સિરામિક ઉદ્યોગમાં વપરાય. સરકાર સિરામિક ઉદ્યોગમાં પટેલોને કરોડોની લોનો આપે છે, પરંતુ ચમારને પાંચીયોય આપતી નથી. મારું વરસનું ટર્ન ઓવર લાખો રૂપિયાનું છે, તોય બેન્ક મને કરન્ટ ક્રેડિટ ફેસિલિટી આપતી નથી.''

મોદીની વાત નીકળી તો હીરાભાઈએ કહ્યું કે, ''મોદી દુનિયાભરમાં ફરીને કહે છે કે ભારતે સ્લોટર હાઉસ બંધ કર્યા છે. અમારા ચામડાના વેપારીઓ કહે છે કે દુનિયાના બજારોમાં હવે ભારતના ચામડાના સોદા થતા જ નથી. આમાં સૌથી મોટું નુકસાન દલિતોને થયું છે.'' મોદી સરકાર દલિતોની કમર ભાંગી રહી છે, પરંતુ દેશના મોટા સ્લોટર હાઉસના માલિકો બ્રાહ્મણો છે અને ચામડાના અગ્રણી નિકાસકારો પણ બ્રાહ્મણો છે. બોલો હવે બ્રાહ્મણવાદ સે આઝાદી.

''આપણી સૌથી મોટી સમસ્યા શું છે?,'' તો હીરાભાઈએ કહ્યું કે ''આપણા વિસ્તારોમાં સરકારે અને પોલીસે દારુના અડ્ડાની બેફામ છૂટ આપી છે. તેઓ દલિતોને દારુ પીવડાવીને ખતમ કરી રહ્યા છે. યુવાનોએ દારુ છોડવો જોઇએ, નહીંતર આપણે બરબાદ થઈ જઈશું.''

## દલિત અત્યાચારમાં કયો અભિગમ સારો?

દલિત અત્યાચારના મદ્દે કામ કરતા સંવેદનશીલ મિત્રો સાથે મારો એક અનુભવ વહેંચવા માંગુ છું. ત્રણ વર્ષ પહેલાં ઉત્તર ગુજરાતના એક ગામમાં દલિત બહેનની છેડતી કરનારા દબંગ પુરુષે, ઠપકો આપવા આવેલા બહેનના સસરાને, મરણતોલ માર મારીને કોમામાં પહોંચાડી દીધા હતા. આરોપી પર સમયસર ચાર્જશીટ નહીં મુકનારા જિલ્લાના ડીવાયએસપી સામે મેં એટ્રોસિટી એક્ટની કલમ ચાર (હવે પાંચ) હેઠળ ગુનાઇત બેદરકારીની ફરિયાદ રાજ્યના ડીઆઈજી (એટ્રોસિટી સેલ)ને કરી હતી. પરિણામે, આરોપી સામે ચાર્જશીટ રજૂ થઈ હતી અને તે જેલ ભેગો થયો હતો.

આરોપીને સેશન્સમાં જામીન ન મળતાં તે હાઇકોર્ટમાં ગયો હતો. હાઇકોર્ટે તેને જામીન આપ્યા ન હતા. તેથી તે છેક સુપ્રીમ કોર્ટમાં ગયો હતો. સામાન્યપણે દલિત અત્યાચારોના કિસ્સાઓમાં ઘર આંગણે જ સમાધાન થઈ જતું હોય છે. બહુ ઓછા કેસોમાં આરોપીઓને સુપ્રીમ સુધી દોડવાની નોબત આવે છે. સદર આરોપીની અરજી સુપ્રીમે પણ ફગાવી દીધી હતી. છેવટે તેણે તંત્રમાં આંતરિક સેટિંગ કરીને પાછા સેશન્સમાં જામીન મેળવી લીધા હતા. ગામમાં આવીને ફરિયાદી અને સાક્ષીઓ પર દબાણ લાવવાનું ચાલુ કર્યું હતું. સાક્ષીને મારી નાંખવાની ધમકી આપી હતી. સાક્ષીની વારંવારની ફરિયાદ છતાં સ્થાનિક પોલીસ સ્ટેશને એફઆઈઆર ના કરી. ગાંધીનગરના પોલીસ ભવનમાં બેઠેલા એટ્રોસિટી સેલના વડા શ્રી. ગોંદિયાને વારંવાર અરજીઓ આપવા છતાં તેમનાથી શક્યો પાપડ પણ ભંગાયો નહીં. ગોંદિયા હવે એટ્રોસિટીના સેમિનારમાં મહેમાનપદે વક્તવ્ય આપવા જાય છે. હમણાં જાણવા મળ્યું કે ફરિયાદીએ આરોપી સાથે અમુક લાખ વળતરના બદલામાં સમાધાન કરી લીધું છે.

સમાજ પર થતાં અત્યાચારોમાં જાનનું જોખમ લીધા પછી આવા અનુભવ થાય છે. આવા અસંખ્ય કિસ્સાઓ વિષે મીડિયામાં કશું જ લખાતું નથી અને સમાજને કશી ખબર પણ પડતી નથી, ન્યાયિક પ્રક્રિયા પૂરી થતી નથી અને આરોપીઓ નિર્દોષ છૂટી જાય છે. અત્યાચારોના મુદ્દે ભોગ બનેલા લોકોની પડખે ઉભા રહેવાના બદલે આગ ઝરતા ભાષણો કરવા જોઇએ અને મીડિયા કવરેજ મેળવવું જોઇએ. હાલ તો આ અભિગમ સફળ થતો જણાય છે. એટલો સંતોષ લેવાનો કે દલિત પર અત્યાચાર કરનારાને છેક સુપ્રીમ સુધી દોડતો કર્યો. બસ. એટલું જ.

## અલગ વસાહત : ભીમબાણ ઈલાજ

તાજેતરમાં સૌરાષ્ટ્રના એક ગામમાં અનુસૂચિત જાતિના સરપંચના ઘરે જઇને ગામના જ લોકોએ તેની કરપીણ હત્યા કરી હતી. એ જ અરસામાં ભાવનગર જિલ્લાના એક ગામમાંથી મારા પર ફોન આવ્યો હતો. ઓગણીસ વર્ષની દલિત દીકરીને એ જ ગામનો એક મવાલી ઉઠાવી ગયો હતો. દીકરીને તેણે તેના ખેતરમાં એક ઝૂંપડીમાં કેદ કરીને રાખી હતી. દીકરીના માબાપ સાવ ગરીબ, કાચા ઝૂંપડામાં રહે, પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ગયા તો પોલીસે ફરિયાદ ના લીધી, જાણવાજોગ એન્ટ્રી કરી. મેં એમને કહ્યું કે તમે આવતીકાલે ભાવનગર એસપીની કચેરીએ પહોંચી જાવ અને ફરિયાદ આપો, હું પણ એસપીને વાત કરું છું.

બીજા દિવસે ફરી મારા પર એ ગામથી દીકરીના ભાઈનો ફોન આવ્યો. એણે કહ્યું કે ગામમાં એમના ચાર જ ઘર છે. એ પોતે બીજા છોકરાઓ સાથે

સુરતમાં રહે છે, ત્યાં હીરા ઘસવાનું કામ કરે છે. ઘરે ઘરડા વડીલો અને સ્ત્રીઓ જ છે. એસપીને ફરિયાદ કરીશું તો અમારે ગામ છોડવાનો વારો આવશે. એની વાત સાંભળીને હું વિચારમાં પડ્યો. એની વાત પણ સાચી હતી. એ દિવસ રવિવાર હતો. બીજા દિવસે સોમવારે એ જ ગામમાં રહેતા મારા અન્ય પરિચિત પ્રાથમિક શિક્ષક સાથે વાત કરી, તો એમણે કહ્યું કે પેલા મવાલીએ છોકરીને બે દિવસ રાખી હતી. છોકરી હવે ઘરે આવી ગઈ છે. તેના માતાપિતા તેને લઈને પોલીસ પાસે ગયા તો તેણે પોલીસને એવું કહ્યું કે પેલા માણસે એની સાથે કશું ખરાબ કર્યું નથી. પોલીસે તેમને રવાના કરી દીધા. ઘરે આવીને પાછળથી છોકરીએ કહ્યું કે મવાલીએ તેને ધમકી આપેલી કે જો પોલીસને કહ્યું છે તો તારા સમગ્ર કુટુંબને ખતમ કરી નાંખીશ. છોકરીએ કહ્યું કે હું ડરની મારી ચૂપ રહી. પછી શું થયું, એવા પ્રશ્નના જવાબમાં શિક્ષકે કહ્યુ, ‘‘મેં સવારે ઉઠીને જોયું તો ચારે ઘરને તાળા માર્યા હતા. તેઓ સપરિવાર સુરત જતા રહ્યા હતા.’’

અહીં મેં જે દાખલો આપ્યો એવા અસંખ્ય ગામો ગુજરાતમાં જ નહીં સમગ્ર દેશમાં છે. એમની પીડા આપણા સુધી પહોંચતી જ નથી. સરકાર અને કહેવાતો નાગરિક સમાજ ખામોશ છે. અનુસૂચિત જાતિઓ પર થતા અત્યાચારો સદીઓ જુના છે. આજકાલના નથી. આનો ઈલાજ શું છે? સત્તા કબજે કરવી? શિક્ષિત થવું? બંદૂકો વસાવવી? પાંચ એકર જમીન માંગવી?

કેમ આપણે બાબાસાહેબે કહેલો અલગ વસાહતનો ઉપાય અજમાવતા નથી? કેમ આપણે આ મુદ્દા પર જનજાગૃતિ અભિયાન છેડતા નથી? સરકારને અને રાજકીય પક્ષોને આ દિશામાં વિચારવાની ફરજ પાડતા નથી? દેશના પાંચ લાખ ગામડાઓમાં અત્યંત લઘુમતીમાં જીવતા અનુસૂચિત જાતિઓના લોકો માટે આના જેવો ભીમબાણ ઈલાજ હજુ સુધી મેં ક્યાંય જોયો નથી.

બાબાસાહેબે કહેલું કે આવા ગામોના અનુસૂચિત જાતિઓના લોકોને તાલુકાના સ્થળે સરકારે જમીન આપીને વસાવવા જોઇએ અને ત્યાં જ તેમને શિક્ષણ, પીવાનું પાણી, આરોગ્યની સવલતો અને રોજગારીની તકો પૂરી પાડવી જોઇએ. આપણી તમામ તકલીફોનો આ ફુલપ્રુફ ઈલાજ છે. હજુ આપણે બાબાસાહેબ કરતા પણ વિદ્વાન, કાયદાશાસ્ત્રી, મેધાવી માણસની રાહ જોઇશું કે બાબાસાહેબે બતાવેલા માર્ગે ચાલીશું?

## વિચાર

**પ્રવીણ ગઢવી**

# જેટલા ઓછા નિષેધ તેટલી વધુ સ્વતંત્રતા

ધર્મ અને રાજ્ય વ્યક્તિના સામાજિક અને અંગત જીવનને વિવિધ રીતે નિયંત્રિત કરે છે. ધર્મના બે પાસાં છે. નીતિ ધર્મ અને વિધિધર્મ. વિધિધર્મમાં ક્રિયાકાંડ જ્યારે નીતિધર્મ માનવીને સુસંસ્કૃત બનાવે છે. સદ્‌ગુણોનું સિંચન કરે છે ત્યાં સુધી તો બરાબર, પણ ધર્મ પોલીસનો રોલ ભજવવા માંડે ત્યારે વ્યક્તિની સ્વતંત્રતા હણાય છે. સમાજને વ્યક્તિ અવરોધરૂપ ન થાય, તેટલી અવધિ રાખી ધર્મે વ્યક્તિએ શું ખાવું, શું પીવું, કેમ જીવવું વગેરે બાબતોમાં દખલ ન કરવી જોઈએ. વ્યસન મુક્તિ સુધી બરાબર પણ માંસાહાર ન કરવો, દૂધ ન લેવું, મધ ન ખાવું, ડુંગળી-લસણ ન લેવાં વગેરે પ્રકારના પ્રતિબંધો ધર્મ લાદે છે. પહેલાં મરજિયાત હોય છે, પછી ફરજિયાત બનાવે છે. ધર્મનો આતંકવાદીઓ કબજો લે છે ત્યારે તે વ્યક્તિ પર જુલમ વરસાવે છે. દરેક ધર્મમાં આમ બને છે.

રાજ્ય રિવાજોના કાયદા બનાવે છે. રાજ્યમાં બધું ફરજિયાત હોય છે. રાજ્ય પણ વ્યક્તિએ શું ખાવું, શું પીવું, કેમ જીવવું વગેરે બાબતો અંગે આદેશ કરે છે. નિષેધો ફરમાવે છે અને વ્યક્તિના અંગત જીવનમાં ડખલ કરે છે. રાજ્ય વ્યક્તિના શયનખંડમાં પણ ઘૂસ મારે છે.

પહેલાં અમેરિકા, પછી યુરોપમાં મુક્ત સમાજનો પવન ચાલ્યો છે. રાજ્ય પણ ઓછામાં ઓછા પ્રતિબંધો ફરમાવે છે. વ્યક્તિના અંગત જીવનમાં ડોકિયું કરવાનો હક ત્યાં રાજ્યને નથી. તેથી ઉલટું એશિયામાં ચાહે ચીન હો, ભારત હો કે મધ્યપૂર્વ હો - ધર્મ અને રાજ્યની સૌથી વિશેષ દખલગીરી છે. મનુષ્ય પર નિષેધો શક્ય તેટલા ઓછા હોવા જોઈએ. તો જ તે સ્વતંત્રતાની મ્હેંકનો અનુભવ કરી શકે. સમાજને અવરોધરૂપ ન થાય તેટલી કાળજી રાખીને ધર્મ અને રાજ્યે વ્યક્તિને પાંજરામાંથી મુક્ત કરવો જોઈએ. જેટલા ઓછા નિષેધ તેટલી વધુ સ્વતંત્રતા.

## નવું વાચન

- **એકલવીર સનત મહેતા (જીવનચરિત્ર)**, ડંકેશ ઓઝા, પ્રકાશક : રંગદ્વાર પ્રકાશન, જી-૧૫, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબના પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯, કિંમત રૂ. ૨૦૦/-
- **અવલોકન-વિશ્વ (ભારતીય અને વિદેશી ભાષાઓના સામ્પ્રત પુસ્તકો વિશેના સમીક્ષાલેખો)**, સંપાદક : રમણ સોની, પ્રકાશક : પ્રત્યક્ષ પ્રકાશન, ૧૮, હેમદીપ સોસાયટી, દીવાળીપુરા, વડોદરા-૩૯૦ ૦૦૭, કિંમત રૂ. ૪૫૦/-
- **આંબેડકર અને લોકશાહી (ઉમાશંકર જોશી સ્મૃતિ વ્યાખ્યાન)** ડૉ. આનંદ તેલતુંબડે, પ્રકાશક : ગંગોત્રી ટ્રસ્ટ, ૨૫, સરદાર પટેલ નગર, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬, કિંમત રૂ. ૨૦/-
- **સંત શિરોમણી રોહિદાસનું જીવનચરિત્ર**, મગનભાઈ જી. સોલંકી, પ્રકાશક : સમતા એજ્યુકેશન ટ્રસ્ટ, ૫૯, દેવસૃષ્ટિ બંગ્લોઝ, વિભાગ-૨, મોટેરા, અમદાવાદ-૩૮૦ ૦૦૫, કિંમત રૂ. ૫૦/-
- **વાણી વિમલ રોહિદાસની (સંત શિરોમણિ રોહિદાસજીના સંકલિત પદો તથા સાખીઓ)**, સંકલન : મગનભાઈ જી. સોલંકી, પ્રાપ્તિસ્થાન : ૧૧૧/૨, સેક્ટર-૩એ, ગાંધીનગર-૩૮૨ ૦૦૬, કિંમત રૂ. ૧૦૦/-
- **ચાલો આત્મસન્માનિત બનીએ... (દીર્ઘ લેખ)**, વાલીમા રમેશ ખાનચંદ, પ્રાપ્તિસ્થાન : પી/૯, પથિકાશ્રમ, સિદ્ધપુર, જિ. પાટણ-૩૮૪ ૧૫૧, કિંમત રૂ. ૧૦/-
- **વસ્તી નીતિ અને પંચાયતીરાજ સંસ્થાઓ :** ગુજરાતમાં બે બાળકોના ધોરણની અસરો (સમાજદર્શન શ્રેણી અંતર્ગત અભ્યાસ-સંશોધન), આકાશ આચાર્ય અને રાજેશ ભટ્ટ, પ્રકાશક : સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫ ૦૦૭, કિંમત રૂ. ૪૦/-
- **સનત મહેતા (પરિચય પુસ્તિકા)**, ડંકેશ ઓઝા, વિક્રેતા : ઈમેજ પબ્લિકેશન, ૧-૨, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦ ૦૦૬, કિંમત રૂ. ૨૦/-

# મરાઠા આંદોલનના સૂચિતાર્થ

સામ્પ્રત

ચંદુ મહેરિયા

ઓગસ્ટ ક્રાંતિ દિને મુંબઈમાં લાખો મરાઠાઓની રેલીએ મહારાષ્ટ્રના જ નહીં દેશના રાજકારણ પર ભારે અસર કરી છે. મરાઠા ક્રાંતિ મોરચા દ્વારા અનામત અને બીજી માંગણીઓ માટે શરૂ થયેલા આંદોલનની આ ૫૮મી વિશાળ મૌન રેલી હતી. તેમની મુખ્ય માંગણીઓ છે : શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અનામત, કોપર્ડી બળાત્કારકાંડના કથિત દોષી દલિતોને ફાંસી, ખેડૂતોના દેવાની માફી, અને અનુસૂચિત જાતિ-જનજાતિ અત્યાચાર પ્રતિબંધક કાયદાની નાબૂદી. મહારાષ્ટ્રના એક મહત્વના અને બળૂકા એવા મરાઠા સમાજના આ આંદોલનની એટલી મોટી અસર થઈ કે એ જ દિવસે રાજ્યની ભાજપ-શિવસેના સરકારે કેટલીક માગણીઓના સ્વીકારની વિધાનસભામાં જાહેરાત કરી દીધી!

૧૩મી જુલાઈ ૨૦૧૬ના દિવસે મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના કરજત તાલુકાના કોપર્ડી ગામે મરાઠા કિશોરી પર કેટલાક દલિતોએ સામુહિક બળાત્કાર કરી તેની હત્યા કરી નાંખી. એ પછીના મહિનાઓમાં નાસિકમાં પણ આવો બનાવ બન્યો. તેથી આક્રોશિત મરાઠાઓએ દોષિતોને ફાંસીની સજા અને અત્યાચાર પ્રતિબંધક કાયદાની નાબૂદીનું આંદોલન ઉપાડ્યું. આ સ્વંયભૂ, શાંત અને વિશાળ આંદોલનમાં મરાઠાઓ માટે અનામતની જૂની માંગણી પણ ઉમેરાઈ. આ આંદોલનની એ વિશિષ્ટતા રહી કે તે અન્ય રાજ્યોના અનામત આંદોલનની તુલનામાં કોઈ એક નેતાની છત્રછાયામાં ચાલતું નથી.તે મહદઅંશે શાંત અને અહિંસક છે.(''સામના''માં આંદોલન અંગેનું કાર્ટૂન પ્રગટ થયું ત્યારે 'સામના' કાર્યલય પર હુમલા અને કાર્ટૂનિસ્ટ તથા ઉદ્ધવ ઠાકરેની માફી, નાસિક-મુંબઈ હાઈવે પર છ કલાક સુધી ચક્કા જામ, જાહેર પરિવહનની બસો અને ખાનગી ટ્રકો સળગાવવી તથા એક મંત્રીના કાફલા પર પથ્થરમારો જેવા અપવાદો છે.) જો કે તેમાં લાખો મરાઠાઓની સામેલગીરીથી તે પૂરતું અસરકારક રહ્યું. આ આંદોલનનું નેતૃત્વ કરતો કોઈ એક ચહેરો હજુ સામે આવ્યો નથી. પણ શિક્ષિત મરાઠા યુવક યુવતીઓનું સામુહિક નેતૃત્વ તેને મળ્યું છે. સત્તાપક્ષ અને વિપક્ષ તમામને આ આંદોલનનું સમર્થન કરવાની ગરજ છે.

રાજ્યની વસ્તીમાં મરાઠાઓનું પ્રમાણ લગભગ ચોત્રીસ ટકા હોવાનું અનુમાન છે. મહારાષ્ટ્રના રાજકારણ પર તેમનું ભારે પ્રભુત્વ છે. વિધાનસભાની ૨૮૮માંથી પોણા ભાગની બેઠકો પર મરાઠાઓના મતો નિર્ણાયક ગણાય છે. એટલે રાજ્યમાં એકાદ દાયકાને બાદ કરતાં સતત મરાઠા મુખ્યમંત્રીઓનું જ શાસન રહ્યું છે. સહકારી ક્ષેત્ર, ખાસ કરીને સુગર ફેકટરીઓ અને વ્યવસાયી તથા સેલ્ફ ફાઈનાન્સ શિક્ષણ સંસ્થાઓ મરાઠાઓના હાથમાં છે. જોકે તેને કારણે સમગ્ર મરાઠા સમાજ સુખી અને સાધન સંપન્ન છે એવું નથી. એક નાનો વર્ગ સંપન્ન થયો છે પણ મોટો સમુહ આર્થિક સામાજિક શૈક્ષણિક રીતે પછાત હોવાનું આંદોલકોનું કહેવું છે. ગામડાઓમાં રહેતા મરાઠાઓમાં નાના અને સીમાંત ખેડૂતો અને ખેત મજૂરો પણ છે. તો શહેરોમાં માથોડા કામદારો અને કુલી પણ છે. ૨૦૧૪માં કોંગ્રેસ-એનસીપી સરકારે રચેલી નારાયણ રાણે સમિતિ કે તે પૂર્વેના બાપટ આયોગ અને સર્રાફ આયોગે મરાઠાઓની સ્થિતિની તપાસ કરી હતી. રાણે સમિતિના અહેવાલ મુજબ ૭૩% મરાઠાઓ મધ્યમ આવક ધરાવે છે. ૬૭% દેવાદાર છે. ૫૦% જમીન વેચી દેનાર છે. કુલ ખેડૂત આત્મહત્યામાં મરાઠાઓની સંખ્યા ૩૬ % છે.રાજ્યની સરકારી નોકરીઓમાં તેમનું પ્રમાણ ૧૫ ટકા જ છે. તો ઉચ્ચ શિક્ષણમાં તે ૧૨ ટકા છે. છેલ્લા બે દાયકાથી ખેતીમાં બરકત રહી નથી. તેથી ગામડાઓમાં સ્થિતિ વધુ ખરાબ છે. આ બધા કારણોસર અને ખાસ તો ઘટતા રાજકીય પ્રભુત્વને કારણે મરાઠાઓએ ઓબીસીમાં સમાવેશ અને અનામતની માંગણી કરી છે. ૨૦૧૪માં તત્કાલીન કોંગ્રેસ-એનસીપી સરકારે મરાઠાઓ માટે ૧૬ ટકા અનામતનો વટહુકમ બહાર પાડ્યો હતો. પરંતુ અદાલતે મરાઠાઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોવાની સરકારની દલીલનો અસ્વીકાર કરી આ અનામતની માંગણી સ્થગિત કરી હતી. તે પછી ૨૦૧૫માં દેવેન્દ્ર ફડનવીસની સરકારે પણ મરાઠાઓ માટે અનામતની જોગવાઈ કરતું વિધેયક પસાર કર્યું હતું. પરંતુ ત્યારે અનામતનું પ્રમાણ ૪૯ ટકા કરતાં વધી જતું હોઈ તેને પણ અદાલતે સ્વીકાર્યું નહોતું.

તાજેતરના મરાઠા મોરચા પછી મુખ્યપ્રધાને દરેક જિલ્લામાં મરાઠા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ, ખાસ સ્કોલરશીપ, કૌશલ્ય વિકાસની તાલીમ અને રોજગાર તથા શિક્ષણમાં અનામતની માંગણી સ્વીકારી છે તો સરકારી નોકરીઓમાં અનામતની માંગણી માટે પછાત વર્ગ કમિશનની રચના કરી છે. અહીં પ્રશ્ન થાય છે કે હરિયાણાના જાટ, ગુજરાતના પાટીદારો , આંધ્રના કાપૂ, રાજસ્થાનના ગુર્જરો અને મહારાષ્ટ્રના મરાઠા સરકારી નોકરીઓમાં અનામત માંગે છે ત્યારે જે તે રાજ્ય સરકારો તેમની માંગણી સ્વીકારીને અનામત આપી દે છે અને પછી અદાલતનો ડારો દઈને બેસી જાય છે. રાજ્ય સરકારો અને આંદોલકો શું એ હકીકત જાણતા નથી કે આવી અનામતની જોગવાઈ ગેરબંધારણીય જ ઠરવાની છે ?

મંદિર રાજનીતિના વિરોધમાં ઉભરેલી મંડલ રાજનીતિના કારણે દેશમાં પછાત વર્ગોનું પ્રભુત્વ સ્થપાયું. ઉત્તરભારતના કેટલાક રાજ્યોના મુખ્યમંત્રી પછાત વર્ગના બન્યા તો કેન્દ્રમાં પણ હિસ્સેદારી વધી. વર્તમાન કેન્દ્ર સરકાર પણ પોતાને પછાતો- ગરીબોની હામી ગણે છે. પરંતુ પછાત વર્ગો માટેની અનામત કે તેમના વિકાસ માટે દિલચોરી રાખે છે. સંસદના વર્ષાસત્રમાં રાજ્યસભામાં સરકાર હાલના પછાત વર્ગ આયોગના સ્થાને બંધારણીય દરજ્જો ધરાવતા રાષ્ટ્રીય સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ પંચની રચનાનું બંધારણ સુધારા વિધેયક લાવી હતી. પરંતુ ભાજપનો પછાત વર્ગો પ્રત્યેનો પ્રેમ ત્યારે દેખાઈ આવ્યો કે જ્યારે આ બંધારણ સુધારો ચર્ચા અને મતદાન માટે મુકાયો ત્યારે સત્તા પક્ષના સભ્યો મોટી સંખ્યામાં ગેરહાજર હતા.આ બંધારણ સુધારામાં બંધારણીય ઓબીસી પંચ પછાત વર્ગોની યાદીમાં નવી જ્ઞાતિઓને સામેલ કરવાની પ્રક્રિયા કરી તેને માટે ભલામણ કરે અને સરકારને તે સ્વીકારવી પડે તથા સંસદની મંજૂરી લેવી પડે તેવી જોગવાઈ છે. પરંતુ ભાજપની ગેરહાજરીમાં વિપક્ષોના સુધારા સાથે આ બિલ પસાર થયું. મહત્વના બંધારણીય સુધારા બિલ પરના મતદાનમાં સરકારની હાર એ દર્શાવે છે કે બીજેપી પછાત વર્ગોના મુદ્દે માત્ર હોબાળો જ કરે છે પણ તે ખાસ સંવેદનશીલ નથી. આ જ તેની અસલિયત છે.

અનામતનું પ્રમાણ ૪૯% કરતાં વધી જાય કે આર્થિક ધોરણે અનામત આપવાની થાય તો બંધારણ સુધારો કરવો પડે. આ માટે બંધારણની નવમી અનુસૂચિમાં આવા કાયદાઓનો સમાવેશ કરવાનો પણ વિકલ્પ છે. જેથી તે

અદાલતી સમીક્ષાની બહાર રહી શકે. ૧૯૯૪માં તમિલનાડુ સરકારે આમ કર્યું હતું. તેથી તમિલનાડુમાં ૬૮% અનામતનું પ્રમાણ છતાં તેને આંચ આવતી નથી. જો ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને હરિયાણાની ભાજપ સરકારોના હૈયે પાટીદારો, ગુર્જરો, મરાઠાઓ અને જાટોનું હિત હોય તો તેણે આ રસ્તો અપનાવવાનો છે,પણ તે આમ કરશે નહીં. ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો આપતા બંધારણ સુધારા બિલને પ્રવર સમિતિમાં લઈ જઈ વિલંબ કરવો ને તેના પરના મતદાન વખતે ગેરહાજર રહેવું તે જ બીજેપીની પછાત વર્ગો પ્રત્યેની ખોરી દાનત દર્શાવે છે.

મરાઠા આંદોલને તેની તાકાતનું બરાબર પ્રદર્શન કર્યું પણ ભાવનાત્મક મુદ્દા પર તે રાજી થઈ ગયું. સરકારોને પણ આવી માંગણીઓ સ્વીકારી લેવામાં મજા પડે છે. મહારાષ્ટ્ર સરકારે રાજ્યસભા સાંસદ અને શિવાજીના વંશજ રામાજી રાજે ભોંસલેને રાજ્ય ટુરિઝમના બ્રાન્ડ એમ્બેસેડર બનાવી દીધા, બુલઢાણા જિલ્લાના સિંહખેડરાજામાં શિવાજીના માતા જીજાબાઈનું સ્મારક કે અન્યત્ર ભવ્ય શિવાજી સ્મારક માટે સરકારે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને સરકાર મરાઠાઓની મુખ્ય માંગણીઓને તડકે મુકવામાં સફળ રહી છે.

અનુસૂચિત જાતિ જનજાતિ અત્યાચાર પ્રતિબંધક કાયદાનો મરાઠાઓ સામે ખોટો ઉપયોગ થતો હોવાના આરોપ સાથે તેને રદ કરવાની પણ મરાઠા ક્રાંતિ મોરચાની માંગ છે. જોકે સરકાર માટે તેનો સ્વીકાર કરવો શક્ય નથી. એટલે કોપર્ડીકાંડની યોગ્ય તપાસ અને ત્વરિત કાર્યવાહી માટે સરકારે વચન આપ્યું છે. મહારાષ્ટ્રની બીજેપી-શિવસેના સરકારે વહીવટી હુકમો મારફતે આ અગાઉ અત્યાચાર પ્રતિબંધક કાયદાના આરોપીઓને જિલ્લા કોર્ટોમાંથી જ અઠવાડિયામાં જામીન મળી રહે તેવી સુચના આપી છે. ખરેખર તો આ કાયદા હેઠળનો ગુનો બિનજામીનપાત્ર છે. પરંતુ અદાલતો અને સરકારો સાથે મળીને કાયદાની આ જોગવાઈને ઘોળીને પી ગયા છે. અત્યાચાર પ્રતિબંધક કાયદાની નાબૂદીની માંગને વાસ્તવિક હકીકતો સાથે પણ ચકાસવી જોઈએ.આંદોલનકારી મરાઠાઓનું કહેવું છે કે આ કાયદા હેઠળ જે પોલીસ ફરિયાદો થાય છે તેમાં ૯૦% ફરિયાદો મરાઠાઓ સામે થાય છે. તે પૈકીની મોટા ભાગની જૂઠ્ઠી હોય છે. મહારાષ્ટ્રની કુલ વસ્તીમાં ૨૦% દલિત આદિવાસી વસ્તી છે. રાજ્યમાં નોંધાતી કુલ પોલીસ ફરિયાદોમાં માંડ એક ટકો ફરિયાદો જ દલિત આદિવાસીઓની હોય છે તેમાંથી ૪૦% જ અત્યાચાર પ્રતિબંધક કાયદા અંતર્ગત હોય છે. આ કાયદા હેઠળ થતી સજાનું પ્રમાણ માંડ બે થી ત્રણ ટકા જ હોય છે. એટલે મૂળ સવાલ જૂઠ્ઠી ફરિયાદોનો નહીં, ફરિયાદો ન લેવાનો, યોગ્ય પોલીસ તપાસ ન કરવાનો અને સજાનો દર સાવ અલ્પ હોવાનો છે.

ગયા વરસની ગાંધી જયંતીએ ૨૨૦૦૦ ગામોની મરાઠા બહુલ ગ્રામ સભાઓએ મરાઠાઓની માંગણી સ્વીકારી લેવા ઠરાવો કર્યા હતા. એ સંજોગોમાં વર્તમાન અંદોલનથી ગામડાઓમાં વસતા મરાઠાઓએ શું મેળવ્યું તે સવાલ છે.માથોડા કામદારો તરીકે કામ કરતા મરાઠા મજૂરોના કલ્યાણ માટે સરકારે અણ્ણાસાહેબ પાટિલ આર્થિક વિકાસ નિગમને ૨૦૦ કરોડ ફાળવ્યા છે તે રાજી થવા જેવું છે. પરંતુ નાના અને સીમાંત ખેડૂતો, નાના કારખાનેદારો માટે કોઈ નક્કર પગલાં લીધાં નથી.શિક્ષણના ખાનગીકરણ અને વેપારીકરણે માઝા મુકી છે અને તેમાં મરાઠા નેતાઓનો સિંહ ફાળો છે ત્યારે માત્ર હોસ્ટેલોથી પ્રશ્ન હલ થવાનો નથી.

સરકારી અને જાહેર ક્ષેત્રોની નોકરીઓ પર્યાપ્ત નથી તેથી સરકારી નોકરીઓમાં અનામત એ સમસ્યાનો એકમાત્ર ઉકેલ નથી. આ બાબત સરકારે અને સમાજે સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે.મરાઠાઓની સંગઠિત તાકાત સામાજિક વિઘટન કે તણાવ ન સર્જે પણ સામાજિક એકતા અને સમાનતાની દિશામાં વળે તે જ ફુલે આંબેડકરની આ ભૂમિ માટે ઈષ્ટ હશે.

## લિખિતંગ

આ વખતનો (૧૬-૭-૨૦૧૭) 'દલિત અધિકાર'નો અંક વાંચી ખૂબ જ પ્રસન્ન થયો. પ્રથમ પૃષ્ઠ પર ભાઈ રાજુ સોલંકીનો લેખ (દલિત કર્મશીલની ડાયરી) ખૂબજ પ્રેરણાદાયી છે. ચંદુ મહેરિયાનો લેખ 'હું હીજડો.. હું લક્ષ્મી' વાંચી આ સમાજ અંગેની મારી ઘણી ગેરસમજ દૂર થઈ. તેમની વેદનાને પણ ખૂબ સહાનુભૂતિપૂર્વક સમજી શક્યો. પ્રો. પી.જી. જ્યોતિકરે કરાવેલો મોહનલાલ આંબેડકરવાદીના પરિચયથી આ નોખી માટીના માનવીનો પૂરો પરિચય-ઓળખ મળી. આવા બહાદૂર, નિષ્ઠાવાન અને સમાજ માટે અંત સુધી સંઘર્ષ કરનાર મોહનલાલ તેમજ સાથીઓને વંદન. 'વીણેલું'ની માહિતી પણ સરસ છે.

**રમણભાઈ સુતરિયા**

**૨, સેવાગ્રામ, સોસાયટી, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩**

'દલિત અધિકાર'નો તા. ૧-૮-૧૭નો અંક મળ્યો. તમામ લેખો સરસ હતા. દરેક અંકમાં જાણવાજોગ માહિતી અને સત્ય આધારિત સમાચારો પ્રગટ કરતું 'દલિત અધિકાર' તેના સંચાલનના બાર વરસ પૂરા કરી તેરમા વર્ષમાં પ્રવેશ્યું છે તે જાણી ઘણો આનંદ થયો.

'દલિત અધિકાર' અંગે તા. ૧૧-૧૨-૨૦૧૪ના 'ગુજરાત મિત્ર'માં બીરેન કોઠારીએ 'ફિર દેખો યારો' લેખમાં સાચું જ લખ્યું હતું કે, વિચાર જ્યોત પ્રગટે એ પૂરતું નથી. તે પ્રસરવી પણ જોઈએ. આ જ્યોત જલતી રહે એટલું જ નહીં. વધુ ને વધુ પ્રસરતી રહી, ઉજાશ ફેલાવે એટલું કરવાની એક સંવેદનશીલ નાગરિક તરીકેની આપણી સૌની ફરજ ગણો તો ફરજ અને જવાબદારી ગણો તો જવાબદારી છે.

અને એજ રીતે 'દલિત અધિકાર' દસમા વર્ષમાં પ્રવેશ્યું ત્યારે 'કદર અને કિતાબ' લેખમાં સંજય શ્રીપાદ ભાવેએ પણ 'દલિત અધિકાર'ની પ્રસંશારૂપે લખેલું કે દલિત જાગૃતિનું કોડિયું આપે પ્રકાશતું કર્યું છે તેને મશાલ બનાવવાની જવાબદારી સમાજની છે. આપણા સૌની છે. આશા છે કે 'દલિત અધિકાર' સારાય ગુજરાતના દલિત ઘરોમાં જ નહીં અન્ય ઘરોમાં પણ મશાલ બની ઝળહળતું રહે તેવી દીર્ઘ આયુષ્યની શુભ કામનાઓ પાઠવું છું.

**મણિભાઈ જી. રોહિત**

**૧૨, 'શ્રી હરિ' શ્રી નંદ ડુપ્લેક્ષ, સિંધવાઈ માતાના મંદિર પાછળ, સીટીએમ રામોલ રોડ, અમદાવાદ-૨૬**

**સંપાદકીય કાર્યાલય**

**''દલિત અધિકાર'' માટેના લેખો, અહેવાલો, કાવ્યો અને અન્ય , સમીક્ષા માટેના પુસ્તકો, વિનિમયાર્થે સામયિકો તથા લવાજમ નીચેના સરનામે મોકલવા વિનંતી છે.**

**ચંદુ મહેરિયા : 'નિરાંત', ૧૪૧૬/૧, સેક્ટર-૨-બી, ગાંધીનગર-૩૮૨૦૦૭, મો.નં.૯૮૨૪૬ ૮૦૪૧૦**

**Email- maheriyachandu@gmail.com**

# બઢતીમાં અનામત અંગેનો ૧૧૭મો બંધારણ સુધારો તાકીદે પસાર કરો

## આજકાલ

બાલકૃષ્ણ આનંદ

સમાજના અનુસૂચિત જાતિ, જનજાતિ અને ઓ.બી.સી. વર્ગોની અન્ય વર્ગો જેટલી જ ભાગીદારી થાય એટલા માટે દેશના બંધારણમાં અનામત (પ્રતિનિધિત્વ)ની પ્રથા દાખલ કરવામાં આવી. પરંતુ આઝાદીના ૭૦-૭૦ વર્ષો થયા હોવા છતાંય આ પછાતવર્ગોને બંધારણીય લાભોથી વંચિત રાખી બંધારણીય જોગવાઈઓનો છડેચોક ભંગ કરવામાં આવી રહ્યો છે.

ભારતના બંધારણના ભાગ-૩ના અનુચ્છેદ ૧૨થી ૩૫માં મૂળભૂત અધિકારોની જોગવાઈઓ છે. બંધારણની કરોડરજ્જુ સમાન આ મૂળભૂત અધિકારોના અનુચ્છેદ ૧૫(૪) અન્વયે શિક્ષણ સંસ્થાઓમાં અનુસૂચિત અને આદિજાતિના વર્ગો માટે અનામતની જોગવાઈ કરવામાં આવી છે. અનુચ્છેદ ૧૬ (૪), (૪-ક) તથા (૪-ખ) અન્વયે સરકારી નોકરીઓમાં નિમણૂક અને બઢતીની જોગવાઈ કરવામાં આવેલ છે.

બઢતીમાં અનામતની વિરુદ્ધમાં સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા એમ. નાગરાજના કેસમાં આપેલ નિર્ણયને બિનઅસરકારક બનાવવા માટે સંસદમાં ૧૧૭મો બંધારણીય સુધારો પડતર હોવાના કારણે રાજ્યોમાં બઢતીમાં અનામતની વિરુદ્ધ કેસો દાખલ કરી બઢતીમાં અનામતને અટકાવવામાં આવી રહેલ છે.

સર્વોચ્ચ ન્યાયાલયમાં દલિત-આદિવાસી પક્ષની તરફેણમાં સરકારના સોલીસીટર જનરલ દ્વારા નક્કર રજૂઆતોના અભાવે રેલવે બોર્ડમાં એસ.સી., એસ.ટી. કર્મચારીઓની બઢતીમાં અનામત સ્થગિત કરવામાં આવી.

સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા એમ. નાગરાજના કેસમાં ૭૭, ૮૧, ૮૨ અને ૮૫મા બંધારણીય સુધારાઓને યોગ્ય ગણાવ્યા. પરંતુ બઢતીમાં અનામત ચાલુ રાખવા માટે ત્રણ મુદ્દાઓ અંગે તપાસ કરવા જણાવવામાં આવ્યું. (૧) સરકારી સેવાઓમાં અનુસૂચિતજાતિ-જનજાતિઓનું પ્રતિનિધિત્વ પૂરતું થયું છે કે નહિ (૨) અનુસૂચિત જાતિ-જનજાતિના વર્ગોની સામાજિક સ્થિતિમાં સુધારો થયો છે કે નહી (૩) અનામતના કારણે વહીવટી ક્ષમતા પર અસર પડે છે કે નહિં.

ઉપરના ત્રણેય મુદ્દાઓ તપાસતા જણાય છે કે સરકારી સેવાઓમાં અનુસૂચિતજાતિ-જનજાતિનું પ્રતિનિધિત્વ પુરેપુરું જળવાયું નથી. અનુસૂચિતજાતિની ૧૫ ટકા અનામત સામે માત્ર ૧૨ ટકા જગ્યાઓ જ ભરાયેલ છે અને તે પણ વર્ગ-૩ અને વર્ગ-૪ની ભરતીમાં. અનુસૂચિતજાતિની ૩.૫ ટકાની સામે માત્ર ૦.૫ ટકા જગ્યાઓ જ ભરાયેલ છે. મુદ્દા નં. (૨) અન્વયે અનુસૂચિત જાતિના વર્ગોની સામાજિક સ્થિતિમાં જેટલો સુધારો થવો જોઈએ તેટલો થયેલ નથી. આઝાદીના ૭૦-૭૦ વર્ષો બાદ પણ આ વર્ગો ઉપર રોજેરોજ અત્યાચારો થાય છે અને આ વર્ગોને અસ્પૃશ્યતા તથા બહિષ્કારના શિકાર બનવું પડે છે. મુદ્દા નં. (૩) અન્વયે અનામતોના કારણે વહીવટી ક્ષમતા ઉપર અસર પડે છે એવો એકપણ કિસ્સો આજદિન સુધી નોંધાયો નથી. એટલું જ નહી અનામત જગ્યાઓ ઉપર ભરતી થયેલ કર્મચારી-અધિકારીઓ વહીવટી બાબતોમાં કાર્યક્ષમ, કાબેલ અને દક્ષ પુરવાર થયા છે.

સરકારી નોકરીઓમાં ૨૦ ટકા જગ્યાઓ સીધી ભરતીથી અને બાકીની ૮૦ ટકા જગ્યાઓ બઢતીથી ભરવામાં આવે છે. જો બઢતીથી અનામત સમાપ્ત કરવામાં આવે તો ૮૦ ટકા જગ્યાઓમાં અનુસૂચિત જાતિ-જનજાતિના વર્ગોનું પ્રતિનિધિત્વ રહે નહીં અને આમાં પણ પૂર્વગ્રહથી કર્મચારી-અધિકારીઓના ખાનગી અહેવાલ વિરુદ્ધ નોંધ કરીને અનુસૂચિતજાતિ-જનજાતિના કર્મચારી-અધિકારીઓની બઢતી અટકાવવાના અસંખ્ય કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ અનુસૂચિતજાતિ માટે વસ્તીના પ્રમાણમાં ૧૭ ટકા અને અનુસૂચિત જાતિ માટે ૯ ટકા અનામતની જોગવાઈ થવી જોઈએ. જે સરકાર દ્વારા કરવામાં આવેલ નથી. અનુસૂચિત જાતિ-જનજાતિના સંસદસભ્યો અને ધારાસભ્યોના મોઢે મણ-મણના તાળા લગાવી દેવામાં આવ્યા છે. ચૂંટાયેલ એકપણ પ્રતિનિધિ આ મુદ્દે રજૂઆત કરી હોય એમ જણાયેલ નથી.

ન્યાયિક અને વર્ગ-૧ના ઉચ્ચપદો તથા એક્સકેડરમાં અનામતની જોગવાઈ ના હોવાથી આ ક્ષેત્રોમાં દલિત-આદિવાસી વર્ગોનું પ્રતિનિધિત્વ ૨ થી ૩ ટકા જ છે. દેશના દલિત-આદિવાસી અને હવે તો ઓ.બી.સી. સમાજને ભય છે કે સરકાર ધીરે ધીરે અનામત સમાપ્ત કરવા જઈ રહી છે. વડાપ્રધાને બઢતીમાં અનામત અંગે તાત્કાલિક કાર્યવાહી કરવાની હૈયાધારણ આપેલ પરંતુ તેને પણ બે વર્ષ જેટલો સમય થઈ ગયો છે.

સરકારી સેવાઓમાં તમામ તબક્કે અનુસૂચિત જાતિ-જનજાતિનું પ્રતિનિધિત્વ નક્કર રીતે જળવાઈ રહે તે માટે ૧૧૭મું બંધારણીય સુધારા વિધેયક પસાર કરવામાં આવે તેવી દલિત, આદિવાસી અને ઓ.બી.સી. સમાજની માંગ છે. લેખકે વડાપ્રધાન અને કેન્દ્ર સરકારમાં દલિત સમાજનું પ્રતિનિધિત્વ કરતા ત્રણેય પ્રધાનોને પત્ર લખી વર્તમાન સંસદમાં ૧૧૭મું બંધારણીય સુધારા વિધેયક પસાર કરવામાં આવે તેવી માંગણી કરી છે. એટલું જ નહીં અનુસૂચિત જાતિ-જનજાતિની અનામત બેઠકો ઉપર ચૂંટાયેલ તમામ સંસદ સભ્યો તથા ગુજરાતના અનુસૂચિત જાતિ-જનજાતિના તમામ ધારાસભ્યોને પણ પત્રો લખી આ બંધારણીય સુધારો પસાર કરાવવા સરકાર પર દબાણ લાવવા વડાપ્રધાનને પત્રો લખવા જણાવેલ છે.

ગુજરાતની દલિત, આદિવાસી અને ઓ.બી.સી. સમાજની તમામ સંસ્થાઓ અને જાગૃત નાગરિકો પણ વડાપ્રધાનને પહોળી સંખ્યામાં પત્રો લખીને ૧૧૭મું બંધારણીય સુધારા વિધેયક પસાર કરાવવાની માંગણી કરે તેવી અપીલ છે. જો ૧૧૭મો બંધારણીય સુધારો પસાર નહીં થાય તો ડિસેમ્બર-૨૦૧૭માં થનાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં દલિત, આદિવાસી અને ઓ.બી.સી. સમાજ સામૂહિક રીતે શાસકપક્ષ વિરુદ્ધ મતદાન કરશે.

---

**(પાન નં. ૭નું ચાલુ)**

ભૌતિક સંપત્તિ ન હતી. માલિકીનું ઘર ન હતું. પણ છતાં 'કોઈએ મને ભૂખ્યો રહેવા દીધો નથી' એવું સુબોધભાઈ પુસ્તકના પરામર્શક રમેશ તન્નાએ લીધેલી મુલાકાતમાં કહે છે. દૂરદર્શન ગિરનાર માટેની આ મુલાકાતમાં બે વિધાનો બહુ રસપ્રદ છેઃ 'ભારતનું ભવિષ્ય ઉજ્જવળ છે કારણ કે ભારતના ગરીબ લોકોની નૈતિકતાનું રૂપ જ બહુ પ્રચંડ છે' અને 'મૂડીવાદનો હાલમાં ચાલે છે તે છેલ્લો તબક્કો છે. તેના ખતમ થવાનો આરંભ થઈ ચૂક્યો છે.'

કોમરેડ સુબોધ મહેતાને લાલ સલામ.

# મૂડીવાદનો અંત જોનાર માર્ક્સવાદી લોકનેતા : સુબોધ મહેતા

**અલવિદા**

**સંજય શ્રીપાદ ભાવે**



ભેખધારી ડાબેરી આગેવાન સુબોધ મહેતાનું પહેલી સપ્ટેમ્બર ૨૦૧૭ના વહેલી સવારે નેવ્યાસી વર્ષની ઉંમરે ભાવનગરમાં અવસાન થયું. તેમની દેહદાનની ઇચ્છા મુજબ તેમનો દેહ અસ્પતાલને સ્વાધીન કરવામાં આવ્યો. કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા-માર્ક્સિસ્ટ (સીપીઆઇ-એમ)ના પૂર્વ રાજ્યમંત્રી એવા સુબોધભાઈ એકાદ વર્ષ પહેલાં સુધી પક્ષના પખવાડિક મુખપત્ર 'સરફરોશ ચિંતન'ના સંપાદન, કાર્યકરોની વૈચારિક તાલીમ અને માર્ક્સવાદ તેમ જ કામદાર સંગઠનો વિશેના વિસ્તૃત લેખનમાં પરોવાયેલા રહ્યા હતા. સુબોધભાઈનાં પત્ની નિરુબહેન, પુત્રવધૂ ઈવા(બંને દિવંગત) અને પુત્ર અરુણ એમ આખો પરિવાર સામ્યવાદી પક્ષ સાથે સંકળાયેલો રહ્યો છે. પક્ષના મહામંત્રી સીતારામ યેચુરીને સુબોધભાઈ માટે બહુ માન હતું. તેમણે સુબોધભાઈનું ગૌરવ કરતાં નોંધ્યું છે : 'માર્ક્સવાદ પ્રત્યેનો તેમનો વિશ્વાસ તેમ જ ભારતમાં સમાજવાદ હાંસલ કરવા માટેના સંઘર્ષ પ્રત્યેની તેમની નિષ્ઠા તમામ સવાલોથી પર છે.' સીપીઆઈ પોલીટ બ્યુરોના સભ્ય વૃંદા કરાતે તેમને 'પક્ષના પાયાના પથ્થર' તરીકે બિરદાવ્યા હતા. આ રીતે પક્ષના મોવડીઓએ સુબોધભાઈ વિશે નોંધેલા આદરયુક્ત ઉચ્ચરણો 'શોષિતોના મશાલચી : સુબોધ મહેતા' (૨૦૧૩) નામના સન્માન-પુસ્તકમાં વાંચવા મળે છે. હરિતા મહેતા સંપાદિત આ પુસ્તકમાં સુબોધભાઈની જીવનઝાંખી તો મળે જ છે. પણ સહુથી વધુ રસપ્રદ છે તે સુબોધભાઈની નેતાગીરી હેઠળ સફળ બનેલ શ્રમજીવીઓની સંખ્યાબંધ ચળવળો વિશેની માહિતી. ઉદારીકરણ-ખાનગીકરણ-વૈશ્વિકીકરણના કૉર્પોરેટ જમાનામાં કોઈ એક કામદાર ચળવળ ચલાવવી પણ સંગઠનો માટે મુશ્કેલ બનતું જાય છે ત્યારે સુબોધ મહેતાના નેજા હેઠળ ચાલેલ આંદોલનો અભ્યાસનો વિષય બને છે.

ગુજરાતના સામ્યવાદી ચળવળના પ્રારંભિક તબક્કાના વજુભાઈ શુક્લ, ચંદુભાઈ પટેલ, બટુક દેસાઈ, દિનકર મહેતા, અબ્દુલ રઝાક જેવા કાર્યકર્તાઓમાંના એક સુબોધ હતા. મહાગુજરાત આંદોલનમાં ઇન્દુલાલ યાજ્ઞિકના એક મહત્વના સાથી બન્યા. અલબત્ત,તે પહેલાં તેમણે વિદ્યાર્થી આગેવાન તરીકે રાજકોટમાં ઢેબરભાઈ મહેતાની સરકાર સામે સંઘર્ષ કરીને ફી વધારો પાછો ખેંચાવ્યો હતો. એ જ સરકારે વેપારીઓ પર લાદેલા અન્યાયકારી વેચાણવેરા અને ખેડૂતો પર પાણીના ઉપયોગ માટેના 'બેટરમેન્ટ લેવી' નામના વેરા સામે સુબોધભાઈએ સફળ આંદોલનો ચલાવ્યાં હતાં. દીવ-દમણની આઝાદીની લડતમાં પણ તે સામ્યવાદી પક્ષના કાર્યકર તરીકે જોડાયા હતા. મહાગુજરાત આંદોલનનાં વ્યાપથી વક્તા તરીકેની તેમની પ્રતિભાને અવકાશ મળ્યો અને તે હંમેશા તેમની સફળતાની એક ચાવી બની. આ પછીના તબક્કામાં સામ્યવાદી પક્ષના આગેવાન તરીકે અનેક લડતોને સુબોધભાઈએ દોરવણી આપી. ભાવનગરની બે કાપડ મિલો અને એક જહાજ ઉદ્યોગને લગતી કંપનીનાં અને વેજિટેબલ પ્રોડક્શન કારખાનાં ચાલુ કરાવ્યાં. ગુજરાત ટેક્સ્ટાઇલ કૉર્પોરેશનની બંધ પડેલી અગિયાર મિલોના કર્મચારીઓને સરકાર પાસેથી ખૂબ મોટા પ્રમાણમાં વળતર અપાવ્યું. ભાવનગર રેસિડેન્શિયલ યુનિવર્સિટી માટે ચળવળ ચલાવી. અમદાવાદમાં ઇન્દુલાલે સ્થાપેલી સંગ્રામ સમિતિના નેજા હેઠળ કાપડ મિલના કામદારોની માગણીઓ માટેની ઝુંબેશોમાં પણ સુબોધભાઈ જોડાતા રહ્યા. વળી ૧૯૬૯માં કોમી રમખાણોથી ઘેરાયેલા વિસ્તારોમાં સુબોધભાઈ, બિરાદર હિમ્મત શાહ સાથે મોટર સાઇકલ પર અઢાર દિવસ સુધી શાંતિ અને એખલાસના પ્રયાસો માટે ઘૂમી વળ્યા હતા. ચીમનભાઈ પટેલની સરકારે લઘુતમ વેતન ધારામાંથી પડતી મૂકેલી ખાસ ભથ્થાની જોગવાઈ માટેય લડત ચલાવી હતી.

આ બધી લડતોમાં તેમના અનેક સાથીદારોનો નામ-કામ સહિતનો કૃતજ્ઞતાભર્યો ઉલ્લેખ પુસ્તકના 'મારા સંઘર્ષો' ઉપરાંત 'ઇન્કલાબી સલામ' નામના પ્રથમવ્યક્તિ એકવચન લેખોમાં વાંચવા મળે છે. પુસ્તકમાં જયેન્દ્ર ત્રિવેદીએ નીરુબહેન વિશે ચૌદ પાનાંનું 'સૌરાષ્ટ્રની સિંહણ' પ્રકરણ લખ્યું છે. આજીવન ખંતીલા સામ્યવાદી નીરુબહેને ભાવનગરના મેયર તરીકે પણ નોંધપાત્ર કામ કર્યાં હતાં. તેમનું જીવનકાર્ય તો અલગ લેખનો વિષય છે.

સન્માન-પુસ્તકના સંપાદક ઉપરાંત કર્મશીલો, સાહિત્યકારો, પક્ષના કાર્યકરો અને ટેકેદારોએ લખેલાં ત્રીસેક લખાણોમાંથી સુબોધભાઈના પરિવર્તનશીલ સંઘર્ષરત જીવનનાં અનેક પાસાં જાણવા મળે છે. આ કૉમરેડના ઉછેરમાં હિન્દુ રૂઢિચુસ્તતા અને શિક્ષણપ્રેમ બંને હતાં. એકવીસ નવેમ્બર ૧૯૨૮ ના રોજ મુન્દ્રામાં જન્મેલા સુબોધ ભૂજમાંથી મૅટ્રિક થયા. તે કુમારવયમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને અરવિંદના પ્રભાવ હેઠળ હતા. ભાવનગરની શામળદાસ કૉલેજમાં સારા અધ્યાપકોના સાન્નિધ્યમાં કેટલોક સમય ભણ્યા અને પછી રાજકોટની ધર્મેન્દ્રસિંહ કૉલેજમાં પ્રવેશ લીધો. અહીં તેમની રાજકીય કારકિર્દી શરૂ થઈ. ઢેબરભાઈ મહેતાની સરકાર સામે આંદોલનમાં છાત્ર અને યુવાનેતા તરીકે તેમનું કર્તૃત્વ યાદગાર રહ્યું. પક્ષનું કાર્ય કરતાં કરતાં આજીવિકા માટે તેમણે નામું, બાંધકામ, શિક્ષણ, કાનૂન, પત્રકારત્વ જેવા અનેક વ્યવસાયો કરેલા. માર્ક્સ વિશે એ કલાકો વાત કરી શકતા. ઝવેરચંદ મેઘાણી તેમના લેખન-ભાષણમાં ઘણી વખત આવતા. રવીન્દ્રનાથના એ ચાહક હતા. ઉમાશંકર-સુંદરમની સામાજિક નિસબત બતાવતી રચનાઓનો તેમણે અભ્યાસ કર્યો હતો . વાંસળીવાદક હોવા ઉપરાંત તે શાસ્ત્રીય અને સુગમ સંગીતના અચ્છા જાણકાર. પક્ષના નેજા હેઠળ તેમણે ભાવનગરમાં સાંસ્કૃતિક કાર્યક્રમો કરાવ્યા છે. સેંકડો મિલ કામદારોની સાઈકલો તેમની સભાઓ દરમિયાન થંભી જતી. નાડીના ધબકારા થંભી જવાની અને ન્યુરોલૉજીને લગતી બીમારીથી આવી પડેલ શારિરીક જોખમોમાંય તે નીડર રહ્યા છે. આ બિરાદરને સંગઠનના કામે ગરીબો-કામદારોની વસ્તીમાં ફરતા, સૂકો રોટલો ને મરચું ખાતા, બે રૂપિયાના ઠરી ગયેલા ભજિયાં ખાઈને આખી રાત બાકડે સૂઈ રહેતા, ગુજરીબજારમાંથી કપડાં લાવતાં લોકોએ અનેક વાર જોયા છે. તેમની પાસે

(અનુસંધાન પાન નં. ૬ ઉપર)

R.N.I. No. GUJGUJ/2005/17601 Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019
Post At : Amd. PSO Ahmedabad-382002On 5th & 20th of Every Month
Published on 1st & 16th of Every Month


## અભિનંદન

### જયેશ ભૈરવિયા 'કેટ' બિહારના સભ્ય નિમાયા



જાણીતા ધારાશાસ્ત્રી અને ભારત સરકારના સ્થાયી કાઉન્સેલર જયેશ ભૈરવિયાની સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ (કેટ) પટણા-બિહારના જ્યુડિશિયલ મેમ્બર તરીકે નિમણૂક કરવામાં આવી છે. કેટના સભ્યનું આ પદ ઉચ્ચ અદાલતના જજ સમકક્ષ હોય છે. ૫૪ વર્ષીય ભૈરવિયાએ તેમના હોદ્દાનો હવાલો સંભાળી લીધો છે. જયેશ ભૈરવિયાને અભિનંદન.

### મોહન પરમારને સચ્ચિદાનંદ સન્માન



'સચ્ચિદાનંદ સમાજસેવા ટ્રસ્ટ', દંતાલી તરફથી મળેલા દાનમાંથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ' દ્વારા દર વરસે મૂલ્યવાન અને સત્વશીલ સાહિત્ય પ્રદાન કરનાર સાહિત્યકારને 'સચ્ચિદાનંદ સન્માન' આપવામાં આવે છે.

તાજેતરમાં ૨૦૧૬ના વરસનું સચ્ચિદાનંદ સન્માન "સામાજિક નિસબત ધરાવતા સાહિત્યકાર" મોહન પરમારને આપવામાં આવ્યું છે. પરિષદ પ્રમુખ ચંદ્રકાન્ત ટોપીવાળાની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં મોહન પરમારને આ સન્માન એનાયત થયું હતું. ૨૦૧૧ના વરસમાં મોહન પરમારના વાર્તાસંગ્રહ 'અંચળો'ને દિલ્હીની રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનો પ્રતિષ્ઠિત એવોર્ડ અપાયો હતો. મોહન પરમારને અભિનંદન.

### નીરવ પટેલને શ્રેષ્ઠ કાવ્યનો એવોર્ડ



શ્રી. ચિ.શિ.ત્રિવેદી પ્રેરિત ન્હાનાલાલ અને રા.વિ.પાઠક શ્રેષ્ઠ કાવ્ય પારિતોષિક ૨૦૧૬ જાણીતા દલિત કવિ નીરવ પટેલના કાવ્ય 'ટૂંપાદોરી''ને આપવામાં આવ્યું છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'માં ૨૦૧૬ના વરસમાં પ્રકટ કાવ્યોમાંથી નીરવ પટેલના કાવ્યને વરસના શ્રેષ્ઠ કાવ્યનું સન્માન મળ્યું છે. આનંદ અને અભિનંદન.

### રાજેશ મકવાણા સન્માનિત



લેખક, વિવેચક અને અધ્યાપક રાજેશ મકવાણાના સંશોધન ગ્રંથ 'ઉત્તર ગુજરાતનું સંત પંથ સાહિત્ય- વ્યાપ અને વૈવિધ્ય'' ને ગુજરાતી સાહિત્ય પરિષદના વરસ ૨૦૧૪-૧૫ના શ્રી.અરવિંદ સુવર્ણ ચંદ્રક અને સર્વોદય આશ્રમ સણાલી કરુણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશનના એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.રાજેશ મકવાણાનો આ ગ્રંથ ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પણ સન્માનિત થયો છે. અભિનંદન રાજેશભાઈ.

### આનંદ અને આભાર

કાન્તિભાઈ કે.ડભાડવાળા દ્વારા 'દલિત અધિકાર'ના ૧૫ દ્વિવાર્ષિક લવાજમ મળ્યા છે. શંકરભાઈ લેઉવા''જય ભીમ'' દ્વારા ૧૦ લવાજમો મળ્યા છે. નિવૃત ઉપસચિવ અને કર્મશીલ એમ.જી.ચૌહાણ દ્વારા ૫ તથા જાણીતા દલિત સાહિત્યકાર-કર્મશીલ અને નિવૃત નાયબ સચિવ રમણ વાઘેલા દ્વારા ૫ લવાજમો મળ્યા છે.

અગ્રણી કર્મશીલ અને લેખક મણિભાઈ રોહિત(સિંહુજવાળા) તરફથી નિયમિત દર મહિને બે લવાજમો તો મળતા જ રહે છે.તે ઉપરાંત તેમના દ્વારા લવાજમો અને શુભેચ્છા યોગદાન પણ મળ્યાં છે.

આનંદ અને ઋણસ્વીકાર.

### દલિત અધિકારના શુભેચ્છકો જેમના તરફથી આર્થિક યોગદાન મળેલ છે.

- **રમણ સોની**
  (જાણીતા લેખક, વિવેચક, પૂર્વ અધ્યાપક અને સંપાદક, 'પ્રત્યક્ષ',વડોદરા) રૂ.૫૦૦/-
- **મગનભાઈ જી.સોલંકી**
  (નિવૃત નાયબ સચિવ ,લેખક- કર્મશીલ અને પૂર્વ પ્રમુખ સંત શ્રી.રોહિદાસ સેવા સમાજ(ગુજરાત), ગાંધીનગર) રૂ.૫૦૦/-
- **સદાભાઈ ડાહ્યાભાઈ પરમાર**
  (નિવૃત ડિવિઝનલ એન્જિનિયર, બી.એસ.એન.એલ., ગાંધીનગર) રૂ.૫૦૦/-
- **કે.ડી.પરમાર**
  (નિવૃત સેક્શન ઓફિસર, ગાંધીનગર) રૂ.૫૦૦/-

**દલિત અધિકાર** પાક્ષિક
માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા
૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,
પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧
ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫
મુદ્રણ સ્થાન : માંગલ્ય મુદ્રણાલય,
૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.